જી.સી.ઈ.આર.ટી.ગાંધીનગર પ્રેરિત

જિલ્લા શિક્ષણ અને તાલીમભવન,પાટણ

આયોજિત

# ઈકોક્લબ તાલીમ અહેવાલ

# વર્ષ : 2025

**માર્ગદર્શન**

ડૉ.પિન્કીબેન રાવલ
પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
પાટણ

**સંકલન**

ડૉ.પીનલબેન ગોરડીયા
લેક્ચરર
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન -પાટણ

**અહેવાલ નિર્માણ અને રજૂઆત**

ડૉ. મધુસુદન ઠક્કર
ઉપાચાર્ય, સુજનીપુર પ્રા. શાળા. તા.જિ.પાટણ

## ૧. પ્રસ્તાવના :

જીંદગીને હાડમારીમાં ધકેલી દેતી આપણી વ્યવસ્થાએ માનવીય જીવનને ખુબજ તક્લીફ પહોચાડી છે. સતત ભાગદોડ અને ઝડપી પ્રગતિના મહોલમાં આપણી જીવન જીવવાની પધ્ધતિ બદલાઇ છે. અને નવા નવા રોગોથી માનવી રિબાઇ રહ્યો છે. શરીરના જરૂરી બંધારણને ઉપયોગી વાયુ અને પોષણ આજે ઝેરયુક્ત બનતુ જાય છે. હવા, પાણી અને અન્ન શરીરમાં નાખવું અને તે કેટલું પવિત્ર છે? સારું છે? તે પણ એક શંકા છે. ફેફ્સામાં લેવાતી હવામાં ઝેર છે. ખવાતા ખોરાક દેખાવે સુંદર છે પણ તેનામાં રહેલ આડ અસરોની ખબર પછી પડે છે.

પ્રકૃતિ સાથે સંકલન કરતી વનરાઇ પશુ-પક્ષીનો નાશ ભવિષ્યને દુર્ગમ બનાવે છે. ખુલ્લા આકશ નીચે વિહરતા પક્ષીઓનો કલરવ તરુમાં ગુંજાવટ કરતા નાના જંતુનો અવાજ લુપ્ત થતો દેખાય છે. પોતના વિકાસના ભોગે પ્રકૃત્તિનો નાશ એ સારા ભવિષ્યના એંધાણ નથી. દર્દીઓથી ઉભરતા દવાખાના નિત નવાનવા રોગોના પૃથ્વી પર મંડાણ માનવજીવનની બરબાદી તરફની દોડ બતાવે છે.

દિવ્ય ઔષધીઓ રડતી દેખાય છે. એન્ટીબાયોટીક દવા શરીરને ખલાસ કરે છે, છતા નાના રોગોમાં શરીરને તેની આદતો પાડતો માનવી હવે કુદરતના ખોળે પાછો વળે તો સારુ છે! પાણીમાં રહેલ ઝેર એ આપણે જમીનમાં વેરેલ દવા અને ખાતરના કારણે છે. જે દવા અને ખાતર જમીનમાં ઉતરે છે અથવા સરોવર ખેંચાય છે. જે આપણા ફેફ્સા અને જઠર આંતરડામાં નુકશાન પહોચાડી નવાનવા રોગોને જન્મ આપે છે.

શિક્ષણની વિસ્તરતી ક્ષિતિજોએ વિકાસશીલ દેશો માટે વિવિધ સમસ્યાઓ પ્રત્યે જાગ્રુત થઇ વિકાસયાત્રા વધુ સરળ બનાવવા તરફ ધ્યાન દોર્યુ છે. અને એટલે જ કોમ્પ્યુટર શિક્ષણ, વસતી શિક્ષણ,ઊર્જા શિક્ષણ,પર્યાવરણ શિક્ષણના નવા ક્ષેત્રો તરફ આકર્ષાયા છે. નવા અભ્યાસક્રમોની સંરચના સમયે અભ્યાસક્રમ ઘડનારાઓએ આ પ્રકારના નવા વિષયોનું સ્વરૂપ, વ્યાપ અને કાર્યક્ષેત્ર જેવા એકમોને અભ્યાસક્રમમાં સ્થાન આપ્યું છે. આ પૈકી એક ક્ષેત્ર એટલે પર્યાવરણ શિક્ષણ.

આપણી ભારતીય સંસ્કૃતિએ પ્રભાવશાળી અને વૈભવશાળી છે. તદઉપરાંત પર્યાવરણ પ્રત્યેનો પ્રેમ આપણા ઋષિમુનિઓએ અખુટ જોવા મળ્યો. ભારતીય સંસ્કૃતિ પ્રમાણે હજારો વર્ષો પહેલાના અભ્યાસક્રમ પ્રમાણે વિદ્યાર્થીઓ આશ્રમશાળામાં અભ્યાસની સાથે સાથે તેઓ વધુ સમય પ્રકૃતિમાં વધુ સમય લેતા અને તેઓ માનતા 'વૃક્ષમાં વાસુદેવ', "છોડમાં રણછોડ".

આજે પર્યાવરણને લગતી ઘણી સમસ્યાઓ છે, જેવીકે ગ્લોબલ વોર્મિંગ, ગ્રીન હાઉસ ઇફેક્ટ, પશુપંખીની જાતિઓ લુપ્ત થતી જાય છે. ઋતુઓની અનિયમિતતા વગેરે.

આજના યુગમાં અમુક પશુપંખીની માહિતી માત્ર પેપર, ટીવી કે કોમ્પ્યુટરમાં જ આપી શકાય છે. આ મોબાઇલ યુગના કારણે મોબાઇલ ટાવરને લીધે ચકલી, પોપટ કે સફાઇ કામદાર તરીકે ઓળખાતો કાગડો, જેની સંખ્યામાં સતત ઘટાડો થતો જાય છે જો આમ ચાલતુ રહ્યુ તો આવતી પેઢી માટે આ પશુ-પંખીઓ માત્ર કોમ્પ્યુટરમાં જ જોવા મળશે. આ સમગ્ર સમસ્યાઓનો એક જ ઉપાય છે પ્રાથમિક શાળાના પર્યાવરણ પ્રત્યેનો પ્રેમ જાગૃત કરવો. આજનું બાળક એ આવતી કાલનુ ભવિષ્ય છે.

"મેરે દેશમેં પવન ચલે પુરવાઇ મેરે દેશમેં ,<br>
મેરે દેશકો દેખને કો સારી દુનિયા આઇ...

આ એ દેશની વાત છે, જેના હર સજીવના હૃદયમાં પ્રકૃતિ ધબકતી હતી. પ્રકૃતિના ખોળે કંઇ કેટલાય કાવ્યો, નાટકો, મહાકાવ્યો સર્જાઇ ગયા. જેમા આપણા દેશનું પ્રાકૃતિક વર્ણન છે તે અલભ્ય છે, પરંતું હવે આ અલભ્યતા ખોવાઇ ગઇ હોય તેવુ ભાસે  છે, પહેલાનો માનવી પ્રકૃતિને સુંદર રાખવાનો પ્રયત્ન કરતો હતો. જ્યારે અત્યારનો માનવી પોતાની સુંદરતા વધારવા પ્રકૃતિનો હાસ કરી રહ્યો છે.

આજે ઔદ્યોગિકરણ અને તકનીકી વિકાસને કારણે પર્યાવરણનું સ્થાનિક તંત્ર કથળ્યું છે. જો અદ્યતન યુગને વિનાશથી બચાવવો હશે તો પ્રકૃતિનું સંરક્ષણ અને જતન તથા સંવર્ધન જ શ્રેષ્ઠ ઉપાય છે. વિનાશને આરે પહોચેં. પર્યાવરણને બચાવવા  બાબતે શાળા, મહાશાળાઓ થકી સમજણ આવે તે ખુબ જરૂરી છે. બાળકોમાં પ્રકૃતિ પ્રેમ પિવડાવવા માટે જુદજુદા વિવિધલક્ષી કાર્યક્રમો  યોજવામાં આવે છે. આપણે પણ પર્યાવરણ નો જ હિસ્સો છીએ તો પર્યાવરણનો વિનાશ શા માટે? પ્રકૃતિના નિયમનમાં હસ્તક્ષેપ શા માટે કરવો?

પર્યાવરણની જાગૃતીથી બાળક અને સમાજને પશુ-પંખી તથા પર્યાવરણ પ્રત્યે પ્રેમભાવ થશે અને પર્યાવરણનું જતન કરતો થશે અને તેનાથી ઘણીબધી સમસ્યાઓ દુર થઇ શકશે.

આમ પ્રાથમિક શાળામાં ઇકોક્લબનું શું મહત્વ છે. તે સમજાવવું પડશે અને તેનથી બાળકોને પ્રકૃતિ પ્રત્યે જાગૃતિ લાવવાના ચોક્કસ વાયુ વેગ મળશે. ઇકોક્લબ નામ સાંભળતા જ  સામે વૃક્ષારોપણની પ્રવૃતિ સામે આવી જાય છે. પરંતુ ઇકોક્લબ એ સમિતિ અર્થ ધરાવતો અર્થ નથી. પરંતુ ખુબ જ વ્યાપક અર્થ છે. સમગ્ર પ્રકૃતિનો એમ સમાવેશ  થાય છે.  "પ્રભુની આકૃતિ એટલે પ્રકૃતિ". પરંતુ અત્યારના સંદર્ભમાં પ્રભુની આકૃતિને નજર લાગી ગઇ હોય તેવું ભાસે છે. પર્યાવરણ જોખમાઇ રહ્યું છે. ત્યારે પર્યાવરણને બચાવવા માટે આપણે આપણાથી બનતા તમામ પ્રયત્નો કરવા જોઇએ. પ્રકૃતિનું શિક્ષણ હશે તો જ સાચા જીવનમાં શિક્ષણ આવશે. તો જ આ પ્રભુની વિકૃત બની ગયેલી આકૃતિને આપણે સુરૂપ બનાવી શકીશું. કહેવાય છે કે કોઇપણ દેશનું ભાવિ તેના વર્ગખંડોમાં ઘડાય છે તો આપણી આ ઇકોક્લબની શરુઆત પણ વર્ગખંડોથી કેમ નહી? જો આજ સારું હશે તો આવતીકાલ ઉજ્જ્વળ થવાની આશા રહેશે. એટલા માટે જ શાળાકક્ષાએ ઇકોક્લબ જેવી પ્રવૃતિ ચલાવવામાં આવે છે.

આપણા નાનકડા પ્રયત્નો ફરી ભરતીય સંસ્કૃતિને વિશ્વગુરુની પદવી અપાવશે. નાનકડા માનસ પર પ્રકૃતિનો પ્રકાશ ભેગો મળી ફરી ઝળહળતી જ્યોતમાં પરીવર્તીત થશે. અને બાળ માનસમાં લાગણીનો સંચાર પ્રકૃતિને જીવંત કરશે. આપણી જવાબદારીના પરિણામરૂપ સારા નાગરીક આ દેશને મળશે. નાના જંતુથી માંડી મોટા તરુનો ઉછેર કરતો બાળક ફરી વતાવરણમાં ચેતના ભરશે.

ઓબામા ભારતમાં પધારે અને ટીકાકારો લખે કે ઓબામા ભારતમાં બે દિવસ રોકાયા અને તેમનું આયુષ્ય 6 કલાક ઘટ્યું. આ કલંક ભારતમાતાની સંસ્કૃતિક વારસાને

કલંકિત કરે છે.

આવો એક સંસ્કૃતિ અને પ્રકૃતિયુક્ત ભારતની રચના કરીએ. અભૂતપુર્વ યૌવન આપણી ધરતી ઉપર ધબકે છે. આ ધબકતા યૌવનને માં ભૌમ માટે સમર્પિત કરી સ્વચ્છ વતાવરણની રચના કરીએ.- ભારતમાતાની જય.
હે માનવ અતિની ગતિ રોકી દે,પ્રકૃતિની મહત્તા સમજી લે."

**પ્રકૃત્તિની મહત્તા સમજવા અને નવી પેઢીને નિસર્ગ સાથે જોડવા પાટણ જિલ્લામાં ઇકો ક્લબ આધારિત પ્રવૃત્તિઓની શિક્ષક તાલીમ યોજવામાં આવી.**

ડૉ. પીન્કીબેન રાવલ

પ્રાચાર્ય -જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ

# ૨. સંકલ્પના

**"વન તો જીવન છે" ઈકોક્લબ એટલે શું?**

વ્યક્તિએ પોતાની આજુબાજુ રહેલી ઘણી બાબતો સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે વ્યવહાર કરવાનો હોય છે, આ આસપાસની બાબતોમાં કેટલાક ભૌતિક અને કેટલાક સજીવ ઘટકોનો સમાવેશ થાય છે. માનવીની આ દુનિયામાં પર્યાવરણની ગતિવિધિને કારણે જીવનકાર્ય વધુને વધુ સરળ થતુ આવ્યુ છે. સુર્યોદય થતા જ પર્યાવરણના ઘટકો પરસ્પર સહકાર સાધી ચેતન સૃષ્ટિમાં જીવંતતા લાવે છે. દુનિયામા વસતિ વધારો અને માનવની કેટલીક ખોટી દોડને કારણે પર્યાવરણનો પ્રશ્ન ભારે વિકટ બન્યો છે. માણસ પર્યાવરણમાં જીવતો થાય અને પર્યાવરણ માટે જીવે તે માટે પર્યાવરણ તરફના આપણા દ્રષ્ટીકોણમાં ફેરફાર લાવી ઘણા પર્યાવરણિય પ્રશ્નો હલ થઇ શકે તેમ છે.

આપણા વિસ્તારને ચોખ્ખા રાખીએ અને વસ્તુઓના પુન:ઉપયોગથી કુદરતી સ્ત્રોતનુ જતન કરીએ ૧૦૦ કરોડ વસ્તીવાળા આ દેશમાં આ બાબત રાતોરાત હલ થઇ શકે તેમ નથી,પરંતુ બાળકો દ્વારા સમાજની વર્તણક્માં ફેરફાર કરી શકાય. બાળકોમાં સ્વાર્થ હોતો નથી અને તેઓના મનમાં નવા વિચારો સહેલાઇથી આપી શકાય છે. તેઓ આપણુ ભવિષ્ય છે. દરેક બાળક પોતાના કુંટુંબમાં અગત્યની અસર ઉપજાવે છે. તેથી ભારત સરકારે દેશના તમામ જિલ્લાઓમાં ઈકોક્લબની સ્થાપના કરવાનો નિર્ણય કર્યો છે. આ અંતર્ગત રાજ્યની વિવિધ શાળાઓમાં અને પ્રાથમિક શાળાઓમાં ઈકોક્લબની પ્રવૃતિઓ ચાલી રહી છે. આ કાર્યક્રમને અસરકારક અને વેગવંતો બનાવવા માટે જી.સી.ઈ.આર.ટી. ના માધ્યમથી રાજ્યની પ્રાથમિક શાળાઓમાં આ ક્લબની સ્થાપના કરી યુવાનોમાં પ્રકૃતિ અને પર્યાવરણ પ્રત્યે જાગૃતિ લાવવાના પ્રયત્નોને વેગવંત કરવા માટે સહિયારા સાથની પુરુષાર્થની શરુઆત કરી છે.

ઈકોક્લબ એટ્લે શાળાના પ્રકૃતિપ્રેમી વિદ્યાર્થીઓ તથા શિક્ષકોનુ એક એવુ  સંગઠન કે જે પ્રકૃતિ અને પર્યાવરણ સંરક્ષણની કુશળતા અને જાણકારી પુરી પાડતી એક અનૌપચારીક સક્રીય વ્યવસ્થા. પ્રાથમિક શાળાના બાળકો અને શિક્ષકોની બનેલી ઈકોક્લબ સમાજને વધુ ઉપયોગી બને એ માટે નીચેના જેવી બાબતો મુખ્ય છે.

- ઘન કચરાનો નિકાલ
- પ્રદુષણ અટકાવવામાં મદદગારી
- પાણીની અછત નિવારવાની કામગીરી
- નાગરિક સુવિધાઓમાં મદદગારી
- સ્કુલ અને ગ્રામ્ય વિસ્તારમાં વૃક્ષારોપણ
- પાણીનો બગાડ અટકાવવાની જાગૃતિ
- જાહેર બાગ-બગીચાની જાળવણી
- લોકોમાં પર્યાવરણની સુધારણાનો મૈત્રીભર્યા અભિગમ અને વલણ તથા અભિરુચી કેળવવી.
- જમીન અને ભેજ સરક્ષણ અંગેની જગૃતિ કેળવવી.

➢ ઈકોક્લબ અંતર્ગત શાળાકીય પ્રવૃત્તિઓ

- શાળા ઔષધબાગની રચના કરેવી
- સ્વસ્થ જમીનની રચના કરવી
- શાકભાજીના બગીચા કરવા

- કચરાના કમ્પોઝ ખાડા કરવા
- પર્યાવરણની દ્રષ્ટિએ અગત્યના સ્થળો જેવા કે વન્યપ્રાણી ઉદ્યાનો, અભ્યારણ્યો તથા પ્રદુષણ અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત ગોઠવવી.
- પાણીની ટાંકીની સ્વચ્છતા
- પાણીના બગાડનો નીક દ્વારા બગીચામાં વ્યવસ્થિત ઉપયોગ કરવો. ગંદકી ન થાય અને સદઉપયોગ થાય તેવી વ્યવસ્થા કરવી.
- ➢ જાહેર સ્થળોની સ્વચ્છતા જાળવવા શિક્ષણ આપવું.
- અક્ષયપાત્ર યોજના (પક્ષીઓ માટે ચણ/દાણા)
- શાળાકે જાહેરબાગ સ્વચ્છતા અને જાળવણી.
- પર્યાવરણ અંતર્ગત સ્પર્ધાઓ યોજવી. દા.ત. ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા.
- ઉત્સવોની ઉજવણી કરવી. વિશ્વ પર્યાવરણ દિન, વન મહોત્સવ વન દિવસ વગેરે.

કુદરતમાં રહીને એના સંતુલનની સાંકળ સમજીને જમીન,પાણી, તડકો, શ્રમ વગેરે કુદરતી સ્ત્રોતોનો ઉપયોગ કરી કુદરતી સ્ત્રોતોનું એવું વ્યવસ્થાપન કરીએ કે તેના પર નભતા અન્ય સજીવો પૂરતો અને પૌષ્ટિક આહાર મળી રહે. આ સાથે કુદરતી સ્ત્રોતોના નાશ થતો અટકે અને તેનું સંવર્ધન થતુ રહે.

'વૃક્ષનું જતન કરીએ, સમૃધ્ધ વતન કરીએ'

બાળકો દ્વારા આપણે કુદરતી ઉર્જાસ્ત્રોતને સમજવા અને ઉપયોગ કરીએ. રોપા કરવાની પધ્ધતિ બતાવવી. વિદ્યાર્થીઓમાં સંશોધનવૃત્તિ. જિજ્ઞાસાવૃત્તિ વિકસે પ્રવૃત્તિદ્વારા શિક્ષણ મેળવે તે મુખ્ય હેતુ હોવો જોઈએ. ઔષધિબાગ દ્વારા બાળકોને વનસ્પતિની ઓળખ અને તેના ઉપયોગ વિશેની બાળકોને સમજ આપવી. ત્યારબાદ પર્યાવરણ સબંધી અનેક પ્રશ્નો પેચીદા બન્યા છે, કે મનવજાત વનસ્પતિ અને પ્રજતી પર અસ્તિત્વનો ખતરો પેદા થયો છે.

- ➢ સમગ્ર દુનિયામાં તાપમાન અને હવામાનમાં અણધાર્યા ફેરફાર આવી રહ્યો છે.
- ➢ ગરમીનો પારો ખુબ જ ઉંચો જઇ રહ્યો છે.
- ➢ પૃથ્વી પર ઔદ્યોગિકરણને કારણે કાર્બનડાયોક્સાઈડનું પ્રમાણ વધી રહ્યુ છે.
- ➢ ધરતી પર સુર્યની ગરમી આવે છે દ્રશ્યકીરણોના સ્વરૂપે પણ રિફ્લેક્ટ થતી અમુક ગરમી ઈન્ફ્રારેડ કિરણો તરીકે અંતરિક્ષ તરફ પાછી ફેંકાય છે.
- ➢ ગ્લોબલ વોર્મિંગની સાથે હાલમાં વિશ્વમાં ગ્લોબલ કુલીંગની પણ અસર જોવા મળી રહે છે.
- ➢ ગ્લોબલ વોર્મિંગને કારણે પીગળતો બરફ એ પણ આજે ચિંતાનો વિષય.

ગ્લોબલ વોર્મિંગને અને જળ સમસ્યાઓ એ માનવ જીવન અને પૃથ્વી પર રહેતા તમામ જીવો પર ઘેરું સંકટ ઘેરાઇ ગયુ છે. પ્રદુષણ એ માનવ જગતનું મોટુ દુષણ તેને દુર કરવું તે જ આપાણું ભૂષણ"

- ➢ ભોજનમાં મિલેટ (જાડા ધાન્ય)નો ઉપયોગ પણ એટલો જ જરૂરી છે.

ડૉ. પીનલબેન ગોરડીયા

લેક્ચરર

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન -પાટણ

તાલીમ અહેવાલ

તા. 20-01-2025

"ઈકો ક્લબ એટલે વિદ્યાર્થીઓનું એવું સંગઠન કે જે પ્રકૃતિથી નિકટ હોય અને શાળા કક્ષાએ નિસર્ગ સાથે નાતો જોડે આ પ્રકારની વિવિધ ઈકો ક્લબની પ્રવૃત્તિઓ સાથેની સુંદર મજાની તાલીમ જિલ્લા શિક્ષણ તાલીમ ભવન પાટણના આયોજનમાં તારીખ 20 જાન્યુઆરી 2025ના રોજ સાગોડિયા પ્રાથમિક શાળા ખાતે યોજાઈ. આ શાળા જિલ્લાની ગ્રીન સ્કૂલ છે. જ્યાં ગ્રીન સ્કૂલના તમામ ઈન્ડિકેટર સિદ્ધ થયેલા જોવા મળ્યા.

પ્રથમ દિવસે તાલીમમાં પર્યાવરણની પ્રાર્થના બાદ શાળાના શિક્ષકો દ્વારા શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું અને સીઆરસી કોઓર્ડીનેટર જગમાલભાઈ દ્વારા મીઠો આવકાર આપવામાં આવ્યો. ત્યારબાદ મોબાઈલ દ્વારા પ્રિ ટેસ્ટ લેવામાં આવ્યો અને પછી તજજ્ઞ ડૉ. મધુસુદનભાઈ ઠક્કર દ્વારા કાર્બન ક્રેડિટ અને મીલેટ એટલે શ્રી અન્નધાન ની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી જેમાં પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશનનો પણ ઉપયોગ કરવામાં આવ્યો ત્યારબાદ ભોજન વિરામ આપવામાં આવ્યો.

ભોજન વિરામ બાદ જિલ્લા શિક્ષણ તાલીમ ભવન પાટણ ખાતેથી પધારેલ પ્રાચાર્ય ડૉ. પિન્કીબેન રાવલ તથા તાલીમ કન્વીનર ડૉ .પીનલબેન ગોરડીયા દ્વારા ઈકો ક્લબની સંકલ્પના સ્પષ્ટ કરવામાં આવી. જેમાં તેમણ ભવિષ્યમાં જ્યારે પણ શાળાની મુલાકાત લઈએ ત્યારે ઈકો ક્લબ અંતર્ગત સ્વાગતમાં કોઈ ફળ કે શાળા કિચન ગાર્ડનની વસ્તુઓ મળે તેવો આશાવાદ વ્યક્ત કર્યો

ત્યારબાદ તજજ્ઞશ્રી અમૃતજી ઠાકોરે સુભાષ પાલેકરજી તથા ગુજરાત મહામહીમ રાજયપાલ આચાર્ય દેવવ્રતજીના વિચારો સાથે દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી વિષય પર વિસ્તૃત ચર્ચા કરી. જેમાં જીવામૃત બનાવવાની પ્રક્રિયા પ્રેક્ટીકલ બતાવી. તેમના વક્તવ્યમાં તેમણ જીવામૃત સાથે બીજામૃત તથા આચ્છાદન મિશ્ર પાક પદ્ધતિની પણ સુંદર ચર્ચા કરી અને શાળા કક્ષાએ નાના કુંડામાં તથા ઓછી જમીનમાં પણ વાવી શકાય તેવા શાકભાજી અને ફૂલ છોડને પણ ચર્ચા કરી અને શિક્ષકોના ઈકોક્લબ બાબતના તમામ પ્રશ્નોનું સમાધાન આપ્યું.

ત્યારબાદ તજજ્ઞશ્રી ઉત્તમભાઈ સાધુએ શાળા કક્ષાએ કરી શકાય તેવી 63 પ્રકારની પ્રવૃત્તિઓની ઝલક આપી સાથે સાથે તાલીમાર્થી શિક્ષકોને ઈકોક્લબ ક્ષેત્રે શાળામાં રચવાની વિવિધ સમિતિઓની માહિતી આપી. સાથે સાથે સાગોડિયા પ્રાથમિક શાળામાં બાળસંસદ દ્વારા યોજાયેલ બાળકોની વિવિધ સમિતિ જેવી કે સફાઈ સમિતિ ઉર્જા સમિતિ, હવા સમિતિના બાલ મંત્રીઓએ પોતાની સમિતિઓની કામગીરીની ઝલક આપી

ત્યારબાદ આ બાળકો દ્વારા શાળામાં ઈકોક્લબની ચાલી રહેલી વિવિધ પ્રવૃત્તિઓ તથા કરેલ વૃક્ષારોપણના વૃક્ષોની પણ ઓળખ આપી. શાળામાં દુર્લભ એવા ગ્રહ નક્ષત્ર આધારિત વાવેલ વૃક્ષો તથા ઈકોક્લબ અંતર્ગત વાવેલ ઔષધબાગના ફુલછોડ અને કીચન ગાર્ડનમાં પાલક, મેથી, કોથમીર જેનો મધ્યાન ભોજનમાં વિદ્યાર્થીઓ માટે દરરોજ ઉપયોગમાં લેવાય છે જે જાણીને સર્વેને ખૂબ રાજીપો થયો.

સાથે સાથે શાળામાં કમ્પોસ્ટ ખાતરના ખાડા **અને શાળા દ્વારામાં મૂકવામાં આવેલી ઈકો યોજના જેમાં અઠવાડિયામાં એક દિવસ વિદ્યાર્થીઓ શાળાએ આવતા રસ્તામાં આવતું ગાયનું છાણ સાથે લાવે છે અને કમ્પોસ્ટ ખાતરમાં ભેળવીને તેને બગીચામાં નાખવામાં આવે છે જે જાણીને એક નવતર પ્રયોગની પણ ઝાંખી થઈ.** આમ સમગ્ર દિવસ દરમિયાન ઈકો ક્લબ અંતર્ગત ખૂબ સારી માહિતી અને અનુભવ મળ્યાનો સર્વે તાલીમાર્થી મિત્રોએ પ્રતિભાવ આપ્યો અને પોસ્ટ ટેસ્ટ બાદ આજનો તાલીમ દિવસ પૂર્ણ થયો.

ઈકો ક્લબ તાલીમ અહેવાલ

તા. 21-01-2025

આજે ઈકો ક્લબ તાલીમ અંતર્ગત બેચરાજી તાલુકાના આદીવાડા ખાતે આવેલ પ્રાકૃતિક ખેતી ફાર્મની મુલાકાત લેવામાં આવી. જ્યાં તજજ્ઞ અમૃતજી ઠાકોરે ગાય આધારિત ખેતી અને ગૌશાળાની મુલાકાત કરાવી સાથે સાથે જમીન ઝેરી બનતી અટકાવવા માટે રાસાયણિક ખાતરોના બદલે વર્મીકમ્પોસ્ટ છાણીયું ખાતર, લીલો પડવાસ, આચ્છાદન વગેરે પ્રાયોગિક બતાવ્યું અને સાથે સાથે અત્યારે વધી રહેલા કેન્સરના રોગથી બચવા માટે ગાયની ઉપયોગીતા વિશે ખૂબ સુંદર માહિતી આપી.

ત્યારબાદ તજજ્ઞશ્રી મધુસુદનભાઈ ઠક્કરે ઈકોક્લબ અને કિચન ગાર્ડનની ખુબ સુંદર ચર્ચા કરી સાથે સાથે ઉત્તમભાઈ સાધુએ બોટનિકલ ગાર્ડન વિશેની ખુબ સુંદર માહિતી આપી.

પ્રાકૃતિક ખેતી અંતર્ગત ખેતરમાં ઉછેરેલ વિવિધ વૃક્ષોની પણ મુલાકાત કરી સૌ ખુશ થઈ ગયા ખેતરમાં વાવેલ પ્રાકૃતિક શેરડી તથા આમળા વગેરેની લિજ્જત પણ માણી. બપોરે તાલીમને અનુરૂપ સુંદર મજાની લીલા ચણાનાદાળ અને રોટલાની મજા માણી સૌ ખુશ થઈ ગયા. સાંજે તજજ્ઞશ્રીઓ દ્વારા શાળા કક્ષાએ ઈકો ક્લબમાં શું શું પ્રવૃત્તિઓ કરાવી શકાય? તેની વિશિષ્ટ પ્રવૃત્તિઓની યાદી તૈયાર કરવામાં આવી.

લાઈવ સુંદર અનુભવ સાથે ફાર્મની મુલાકાત બાદ બાજુમાં ખાંભેલ ગામની સીમમાં આવેલ ગૌશાળા તથા બ્રહ્માનંદ અખંડ વિદ્યાલય સંસ્કૃત પાઠશાળાની મુલાકાત લીધી જ્યાં દેશના ત્રિપુરા, આસામ, મિઝોરમ, ગુજરાત વગેરે વિવિધ પ્રાંતમાંથી આવતા વિદ્યાર્થીઓને વૈદિક જ્ઞાન સાથે શિક્ષણ આપવામાં આવે છે અને વિવિધ વેદો તથા ઉપનિષદો આધારે સંસ્કૃતિ અને સંસ્કાર સાથે આપવામાં આવતું નિ:શુલ્ક શિક્ષણ અને રહેવાની વિદ્યાર્થીઓને છાત્રાલયની સુંદર સગવડ જોઈ સૌ અભિભૂત થઈ ગયા અને વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કરી ઘણું બધું નવું જાણ્યાનો અનુભવ પ્રાપ્ત થયો.

નવીન ઊર્જા, નવતર વિચારો સાથે આ રીતે ઈકોક્લબ તાલીમના બે દિવસ પૂર્ણ થયા. સૌએ ખૂબ રાજીપો વ્યક્ત કર્યો.

# ઈકોક્લબ શિક્ષક પ્રશિક્ષણ ફોટો ગેલેરી



જીવામૃત તૈયાર કરવું : પ્રેક્ટિકલ ડેમો







ટ્રેનિંગમાં પધારેલ ડાયટ પ્રાચાર્ય ડૉ.પીન્કીબેન રાવલ તથા કન્વીનર ડૉ. પીનલબેન ગોરડીયાનું પ્રાકૃતિક ખેતી પુસ્તક અને ઓર્ગેનિક આમળાંથી સ્વાગત



પ્રાકૃતિક ખેતી વિષય પર તજજ્ઞ દ્વારા ગહન ચર્ચા



તાલીમ સંદર્ભે પ્રાચાર્ય શ્રીનું ઉદ્‌બોધન



શાળામાં ઉપયોગી ઈકોક્લબ વિષય પર કન્વીનરશ્રીનું વક્તવ્ય




સાગોડિયા ગ્રીનસ્કૂલની મુલાકાત





સાગોડિયા ગ્રીનસ્કૂલની તાલીમાર્થી શિક્ષકો દ્વારા મુલાકાત અને શાળા ઔષધબાગ અને કિચનગાર્ડન એવં હરિભરી ઈકોક્લબ નિદર્શન












તમામ તાલીમાર્થીઓને કલિયુગનું અમૃત આમળાંનું વિતરણ

તજજ્ઞશ્રીઓ દ્વારા શાળા કક્ષાએ ઈકો ક્લબ અંતર્ગત થઈ શકે તેવી પ્રવૃત્તિઓની યાદી કરાવી.









તજજ્ઞશ્રી દ્વારા મિલેટ તથા કાર્બન ક્રેડિટ વિષયની ચર્ચા

શાળામાં બનાવેલ ઈકોક્લબની વિવિધ બાલસમિતિઓ દ્વારા પોતાની સમિતિની કામગીરીની અભિવ્યક્તિ ઝલક







આદિવાડા ખાતે પ્રાકૃતિક ખેતીની મુલાકાત અને ગૌપૂજા આરતી અને મંગલદીપ પ્રાગટ્ય

## ઈકોક્લબ ની શાળા કક્ષાએ કરાવી શકાય તેવી પ્રવૃત્તિઓની તાલીમ દરમિયાન કરેલ ચર્ચા

ઈકોક્લબ એટલે શાળાના પ્રકૃતિ પ્રેમી વિદ્યાર્થીઓનું

**પ્રાકૃતિક ખેતી પર માર્ગદર્શન અને ઓર્ગેનિક ફાર્મ વિઝિટ**

કુશળતા અને જાણકારી પૂરી પાડતી અનૌપચારિક સક્રિય વ્યવસ્થા.

ઈકોક્લબ અંતર્ગત કરાવી શકાય તેવી પ્રવૃત્તિઓ: 1. પર્યાવરણ દિવસની ઉજવણી 2. ચિત્રસ્પર્ધા 3 પર્યાવરણલક્ષી વક્તૃત્વ સ્પર્ધા 4 પૃથ્વી દિનની ઉજવણી 5 પર્યાવરણલક્ષી ક્વિઝનું આયોજન 6 વન મહોત્સવ ઉજવણી 7 પ્રકૃતિ ગીતોનું ગાન કરાવવું 8 ઈકો વર્ષ ઉજવણી 9. પર્ણપોથી બનાવવી 10. પ્રાણીસંગ્રહાલય મુલાકાત 11. ઉર્જા સંરક્ષણ દિનની ઉજવણી 12 પ્લાસ્ટિક નો ઉપયોગ અને તેના દૂષણો અંગે વકૃત્વ સ્પર્ધા યોજવી 13 પર્યાવરણ જાગૃતિ માટે ગ્રામસભા નું આયોજન 14 ઈકો રંગોળી15 ફ્રેન્સીંગ કાર્ય 16 વરસાદી પાણીના સંગ્રહ માટેનું આયોજન 17 નીંદણ કામ 18 વૃક્ષોની માવજત 19 અમૃત પાણી, કુદરતી ખાતર વિશે માર્ગદર્શન આપવું 20 વિવિધ વૃક્ષોનો પરિચય કરાવવો 21 વૃક્ષોની ગણતરી તથા નામાંકરણ 22 ઈંટોથી ક્યારા બનાવવા તેમજ ઈંટો રંગવી 23 શાળા સફાઈ તથા સુશોભન 24 કુદરતી જંતુનાશક દવા બનાવવી 25 પર્યાવરણ લક્ષી નાટકો યોજવા 26 પર્યાવરણ લક્ષી સૂત્રલેખન કરાવવું 28 પર્યાવરણ લક્ષી નિબંધ લેખન સ્પર્ધા યોજવી 29 પર્યાવરણલક્ષી ગીતોનો સંગ્રહ 30 પ્રકૃતિ કાવ્ય લેખન હરીફાઈ યોજવી 31 વિવિધ પ્રકારના ઋતુ ગીતોની સ્પર્ધા યોજવી 32 પર્યાવરણલક્ષી રેલી કાઢવી 33 લોક જાગૃતિના કાર્યક્રમ જેવા કે પપેટ શો દ્વારા પર્યાવરણ સંવર્ધન 34 આંતરરાષ્ટ્રીય ઓઝોન દિન ઉજવણી 35 પ્લાસ્ટિકના ઉપયોગની પર્યાવરણ પર થતી ઘાતક અસરો વિશે નિબંધ સ્પર્ધા 36 અક્ષયપાત્ર,પશુ માટેની પરબ બનાવી 37 જન્મદિન તેમજ વિશિષ્ટ દિવસોની ઉજવણી કરવી: જેમાં બાળકોને ચોકલેટ ને બદલે ફણગાયેલું કઠોળ આપવું 38 પર્યાવરણ સંતુલન જાળવવા સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા જનજાગૃતિ 39 વેસ્ટ થતા પાણીનો યોગ્ય નિકાલ કરી તે દ્વારા ઔષધ ભાગની સિંચાઈ 40 વૃક્ષોનું નામાંકન 41 પર્યાવરણ લક્ષી પ્રોજેક્ટ કાર્ય 42 શાળા ઔષધ બાગ (botanical garden) બનાવવો 43 સ્વસ્થ જમીનની રચના અંગે બાળકોને માર્ગદર્શન 44 ગ્રામ સફાઈ 45 વૃક્ષોના થડ પર ચૂનો ગેરૂ લગાવવા 46 વર્મી કમ્પોસ્ટ બનાવવું 47 અળશિયા બેંક બનાવવી 48 ગામના બગીચા ની જાળવણી કરવી 49 'મને ઓળખો'વૃક્ષ પ્રદર્શન યોજવું 50 શાળા કક્ષાએ સ્વચ્છતા સમિતિની રચના કરવી 51 વ્યક્તિગત સફાઈ પ્રત્યે સભાનતા 52 વિવિધ પ્રકારની ઈકો ફ્રેન્ડલી ડસ્ટબીન નું નિર્માણ કરવું. 53 જાહેર સ્થળોની સ્વચ્છતા બાબતે માર્ગદર્શન 54 શાળાની ટાંકીની અવારનવાર સફાઈ કરાવવી ( સફાઈની તારીખ અવશ્ય લખવી)55 કાગળ બચાવવા અંગેનું અભિયાનયોજવું. 56 પાણી વપરાશનું માપન તથા પાણી બચત અભિયાન યોજવું 57 આયુર્વેદિક દવાઓની માહિતી આપવી 58 પેપર રિસાયક્લિંગ 59 શોષખાડાની રચના 60 પ્લાસ્ટિક કચરાનો યોગ્ય નિકાલ કરવો 61 ઘન કચરાનો યોગ્ય નિકાલ કરવો 62 વર્ગખંડ દીઠ કચરાપેટી રાખવી 63 પર્યાવરણ લક્ષી તોરણોની રચના અને તે દ્વારા વર્ગખંડ સુશોભન કરાવવું 64 પાણીના જાહેર નળ તથા રસ્તા નું સમારકામ 65 વીજળી વપરાશનું માપન તથા વીજળી બચત

## વર્ષ 2024માં ઈકોક્લબની શ્રેષ્ઠ પ્રવૃત્તિઓ કરેલ પાટણ જિલ્લાની 5 શાળાઓ

- **(1) શ્રી જયરામનગર પ્રા. શાળા, તા.સમી**
- **(2) હરીપુરા પ્રા. શાળા તા.સમી**
- **(3) વાવડી પ્રા. શાળા તા. સાંતલપુર**
- **(4) બોરુડા પ્રા. શાળા તા.સાંતલપુર**
- **(5) કુરેજા પ્રા. શાળા, તા. હારીજ**

# શ્રી જયરામનગર પ્રા. શાળા

## જયરામનગર પ્રાથમિક શાળા

જયરામનગર, તા.સમી , જી.પાટણ

ડાયસ કોડ : 24030410101

### કિચન ગાર્ડન: રવિ સિઝન

તા.  /  /

કિચન ગાર્ડન અંતર્ગત શિયાળુ શાકભાજી નું વાવેતર શાળાના પીએમ પોષણ અભિયાન અંતર્ગત કરવામાં આવ્યું હતું. રવિ સિઝનમાં બાળકો દ્વારા પુનઃ પ્રાકૃતિક રીતે જમીનને તૈયાર કરવામાં આવી હતી. ત્યારબાદ કુદરતી રીતે તૈયાર થયેલ ખાતર ના ઉપયોગ દ્વારા જમીન પહોંચી અને ભરભરી બની હતી.

કિચન ગાર્ડનમાં રવિ સિઝન અંતર્ગત વિવિધ પ્રકારની શાકભાજી તેમજ કંદમૂળ પાકોનું વાવેતર કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્યત્વે લસણ,ડુંગળી, બીટ,ગાજર, સક્કરીયા, પાલક, મૂળા, મેથી અને ધાણા હતા. મધ્યાહ્ન ભોજન યોજનામાં ઉપરોક્ત શાકભાજી અને મસાલા ઉપયોગી બની રહ્યા છે. બાળકો પ્રાકૃતિક ખેતી ના પાઠ કિચન ગાર્ડન અંતર્ગત પાયોગિક રીતે શીખે છે તેમજ જાત મહેનતથી કુદરતી રીતે તૈયાર

### કિચન ગાર્ડન: રવિ સિઝન







## જયરામનગર પ્રાથમિક શાળા

જયરામનગર, તા.સમી , જી.પાટણ

ડાયસ કોડ : 24030410101

### સ્વસ્થ્ય જમીન પ્રોજેક્ટ:વૃક્ષારોપણ

તા.  /  /

કિચન ગાર્ડન અંતર્ગત સ્વસ્થ જમીન પ્રોજેક્ટ શાળામાં હાથ ધરવામાં આવ્યો હતો જેમાં શાળાના ઇકો ક્લબ દ્વારા શાળાના કિચન ગાર્ડન, હર્બલ ગાર્ડન અને બચ્ચો કા બાગ ની જમીન એ સ્વસ્થ જમીન બને તેમ જ પ્લાસ્ટિક મુક્ત કેમ્પસમાં આ પ્રોજેક્ટ હાથ ધરી પ્રાકૃતિક કૃષિ ઉપર ભાર મૂકીને સ્વસ્થ જમીન થકી સ્વસ્થ જીવન માટે સજ્જતા કેળવવા આ પ્રોજેક્ટ ઉપયોગી બની રહ્યો.

સ્વચ્છતા અને સુંદરતા થકી સ્વસ્થતા ની પ્રાપ્તિ અમારી ગ્રીન સ્કૂલ નો સફળ પ્રયોગ છે.

શાળાના કેમ્પસમાં વનસ્પતિના પાંદડા જે કચરા તરીકે એકત્ર થાય તેને જંગલની જેમ કુદરતી રીતે જ તેનો ખાતર તરીકે વિનિયોગ કરવા શાળામાં વિવિધ બાગ તેમજ શાળાના નવતર પ્રયોગ ગ્રીન વોલ ઓફ ઓલ માં પ્રાકૃતિક ખાતર તરીકે ઉપયોગ કરીને જમીનને સ્વસ્થ જમીનમાં ફેરવવા તજવીજ જાત કરવામાં આવી હતી.

આપણી સુટેવો જ આપણા સ્વસ્થ જીવન માટેનું કારક ગણાય. વૃક્ષારોપણ થકી હરિયાળી ને વરેલ કેમ્પસ નયન રમ્ય આકર્ષણનું કેન્દ્ર બનવા પામ્યું છે.

### સ્વસ્થ્ય જમીન પ્રોજેક્ટ:વૃક્ષારોપણ







# જયરામનગર પ્રાથમિક શાળા

જયરામનગર, તા.સમી , જી.પાટણ

ડાયસ કોડ : 24030410101

## ઈકો-ક્લબ: કિચન ગાર્ડન ખરીફ સિઝન

તા.  /  /

ઇકોક્લબ જયરામનગર દ્વારા કિચન ગાર્ડન અંતર્ગત ખરીફ સીઝનમાં એટલે કે ચોમાસુ શાકભાજી નું વાવેતર શાળાના કિચન ગાર્ડન એરિયામાં ઇકો ક્લબના મેમ્બર વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં ભીંડા, ગુવાર,વાલોળ, ગલકાં,તુરિયાં, દૂધી અને સક્કરટેટી મુખ્યત્વે હતા.

જોકે વાવેતર પૂર્વે કિચન ગાર્ડન ની જગ્યામાં પ્રાકૃતિક ખાતર નાખી જમીનને ઉલટ સુલટ કરવામાં આવી હતી. ત્યારબાદ જરૂરિયાત મુજબ ક્યારી બનાવવામાં આવી હતી. ચોક્કસ અંતરે બી ની વાવણી કરીને વરસાદી પાણી આપવામાં આવ્યું હતું.

શાકભાજી નો ઉગમ ખુબ જ સારો રહ્યો. જરૂરિયાત મુજબ સમયાંતરે ખેડ કરીને નિંદામણને દૂર કરવાની વિદ્યાર્થીઓ દ્વારા કાળજી લેવામાં આવી હતી. આ સાથે સાથે પ્રાકૃતિક પદ્ધતિથી જૈવિક કૃષિ અંતર્ગત બિન રાસાયણિક ખાતર આપવામાં આવ્યું હતું. ચોમાસાની સિઝન હોઈ એકંદરે ખૂબ જ ઓછું પિયત આપવામાં આવ્યું. જેમ જેમ વેલા વાળી

## ઈકો-ક્લબ: કિચન ગાર્ડન ખરીફ સિઝન







## કિચન ગાર્ડન: રવિ સિઝન

તા.  /  /

કિચન ગાર્ડન અંતર્ગત શિયાળુ શાકભાજી નું વાવેતર શાળાના પીએમ પોષણ અભિયાન અંતર્ગત કરવામાં આવ્યું હતું. રવિ સિઝનમાં બાળકો દ્વારા પુનઃ પ્રાકૃતિક રીતે જમીનને તૈયાર કરવામાં આવી હતી. ત્યારબાદ કુદરતી રીતે તૈયાર થયેલ ખાતર ના ઉપયોગ દ્વારા જમીન પહોંચી અને ભરભરી બની હતી.

કિચન ગાર્ડનમાં રવિ સિઝન અંતર્ગત વિવિધ પ્રકારની શાકભાજી તેમજ કંદમૂળ પાકોનું વાવેતર કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્યત્વે લસણ,ડુંગળી, બીટ,ગાજર, સક્કરીયા, પાલક, મૂળા, મેથી અને ધાણા હતા. મધ્યાહ્ન ભોજન યોજનામાં ઉપરોક્ત શાકભાજી અને મસાલા ઉપયોગી બની રહ્યા છે. બાળકો પ્રાકૃતિક ખેતી ના પાઠ કિચન ગાર્ડન અંતર્ગત પ્રાયોગિક રીતે શીખે છે તેમજ જાત મહેનતથી કુદરતી રીતે તૈયાર થયેલ શાકભાજી નો ઉપયોગ સ્વસ્થ્ય જીવન માટે ઉપકારક બની રહેશે.

## કિચન ગાર્ડન: રવિ સિઝન







# જયરામનગર પ્રાથમિક શાળા

જયરામનગર, તા.સમી , જી.પાટણ

ડાયસ કોડ : 24030410101

## પી.એમ.પોષણ: કિચન ગાર્ડન

## પી.એમ.પોષણ: કિચન ગાર્ડન





# હરીપુરા પ્રા. શાળા


ઇકો ક્લબ અને પર્યાવરણ પ્રયોગશાળા
હરીપુરા પ્રાથમિક શાળા
તા-સમી જિ-પાટણ


જમીન સંવર્ધન ..
વર્ષ-૨૦૨૧


નર્મદા કેનાલનું પાણી પાઇપ લાઇન દ્વારા શાળા સુધી


શાળાનું પર્યાવરણ વર્ષ-૨૦૨૨


કમ્પોષ્ટ ખાડો ..


વૃક્ષારોપણ કાર્યક્રમ


ફુવારા પધ્ધાત
માટલા ટપક પધ્ધતિ


જીવામૃત બનાવતા બાળકો
ઇકો ક્લબ ની તાલીમ માં જીવામૃત ડેમોસ્ટ્રેશન

# કુવારા પધ્ધતિ



# ઇકો નર્સરી...



## ગ્રીન હાઉસ



## અક્ષયપાત્ર



## પંખીચણ...



## પંખીઘર



## પંખી પરબ



# ઔષધીય કુંડા ગાર્ડન



## દરેક વૃક્ષોને ગેરૂ કલર      પર્યાવરણ બચાવ સુત્રો



# ઔષધિય ગાર્ડન      ઉપયોગ અને ઘરગથ્થુ ઉપચાર




**હરીપુરા પ્રાથમિક શાળા**
**ઔષધીય બાગ**

| ક્રમ | ઔષધીનું નામ | ફોટો | ઉપયોગ અને ઘરગથ્થુ ઉપચાર |
|---|---|---|---|
| ૧ | અરડૂસી | | ઉધરસ, તાવ, શરદી માટે ઉપયોગી |
| ૨ | તુલસી | | તાવ, ઉધરસ, ખાંસી માટે શ્વાસની સમસ્યા માટે |
| 3 | કુંવારપાઠું (એલોવેરા) | | દાઝયા ઉપર લગાવવા માટે કેન્સરની ગાંઠો ઓગળી જાય છે ચામડીના રોગ મટાડે છે. |
| ૪ | નગોડ (Vitex Negudo) | | સાંધાનો દુઃખાવો, માથાનો દુઃખાવો, કાન ની રસી, મોં માં ચાંદા, પેટનો દુઃખાવો મટાડે |
| ૫ | ગળો (ઘનવટી) | | લીમડાના ઝાડ પરની ગળો ઉત્તમ તાવ મટાડવા માટે, રોગ પ્રતિકારક શક્તિ વધારે, લીવર અને કીડની સાફ કરે, ડાયાબીટીસ માટે ફાયદાકારક |
| ૬ | પારીજાત (હર સિંગાર) | | હાથ,પગ અને કમરનો દુઃખાવો, ઉકાળા થી પિતનો રોગ મટે છે. (વાયુ) ડાયાબીટીસ, સાયટીકા, ગેસ, વા ના દર્દ માટે |
| ૭ | પથ્થરવેલ | | પથરી માટે ઉપયોગી |
| ૮ | અજમો | | અજમા ના પાન શરદી અને કફ માટે ઉપયોગી. ખીલ મટાડવા માટે. |
| ૯ | અશ્વગંધા | | યાદ શક્તિ વધારે છે, વજન વધારવા માટે, ડાયાબીટીસ મટાડે છે. |
| ૧૦ | ડોડી (જીવંતી) (ખરખોડી) | | વાયુ, પિત્ત અને કફ મટાડે છે. આંખોનું તેજ વધારે છે. |

# વૃક્ષ ,છોડ,ઔષધી નું નામપ્લેટ અને ગણતરી ચાર્ટ




# વેસ્ટ માંથી બેસ્ટ ટેરેસ કુંડા ગાર્ડન



## ઇકો વર્ગ



બાળકો સાથે ભોજન ગાર્ડન માં...



## સ્વચ્છતા પખવાડિયા ઉજવણી



પ્લાસ્ટિક મુક્ત ગામ



## જલસંગ્રહ ,પર્યાવરણ બચવો ,સંકલિત બાળવિકાસ યોજના અંગે જાગૃતિ



## ગામના પાદરે વૃક્ષારોપણ




## My school Green School



## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,પાટણ પ્રેરિત ઇકો ક્લબ ની તાલીમ



સ્થળ:- હરીપુરા પ્રાથમિક શાળા તા-સમી જિ-પાટણ.



## ગામના પાદરે વૃક્ષારોપણ




## જલસંગ્રહ ,પર્યાવરણ બચવો ,સંકલિત બાળવિકાસ યોજના અંગે જાગૃતિ



વાવડી પ્રા. શાળા






વાવડી પ્રા. શાળા

હરિયાળી, ઈકોક્લબ, કિચનગાર્ડન, ઔષધબાગ, પ્લાસ્ટિક મુક્ત શાળા




















બોરુંડા પ્રા. શાળા















બોરુંડા પ્રા. શાળા

- જીવામૃત બનાવી ઉપયોગ
- જમીન સંવર્ધન વગેરે...

કુરેજા પ્રા. શાળા
ઈકોક્લબ












હરિભરી ઈકોક્લબ

- દરવર્ષે વૃક્ષારોપણ વૃક્ષ માવજત અને ઉછેર
- કિચન ગાર્ડન
- ઔષધબાગ
- પ્લાસ્ટિક મુક્ત શાળા
- તુલશીવન
- ઈકોક્લબ અંગેના વિશેષ દિન ઉજવણી
- વનભોજન
- ઈકો સમિતિ રચના

## જિલ્લા શિક્ષણ તાલીમ ભવન -પાટણ ખાતે નિર્મિત ઈકોક્લબ

### ડાયટ કક્ષાએ ચાલતી ઇકો કલબની પ્રવૃત્તિઓ

- (1) વિવિધ પ્રકારની સમિતિની રચના
- (2) વિવિધ વસ્તુઓના 4 ભાષામાં નામકરણ
- (3) આજનું ગુલાબ
- (4) આજનો દિપક
- (5) અક્ષય પાત્ર-ચબુતરો/રામ દુકાન
- (6) કાગળ વેસ્ટેજ રી સાયકલીંગ
- (7) ઇકો કેલેન્ડર
- (8) વિવિધ સ્પર્ધા- ચિત્રસ્પર્ધા- નિબંધ સ્પર્ધા
- (9) વૃક્ષો ઉપર બોર્ડ લગાવવા
- (10)સ્કુલ નર્સરી
- (11) ઔષધ બાગ
- (12) વર્મી કમ્પોસ્ટ ખાતર
- (13) કિચનગાર્ડન
- (14) ગ્રામ સફાઇ
- (15) વિશેષ દિન ઉજવણી
- (16) ગ્રામ જાગૃતિ રેલી
- (17) વૃક્ષ સ્નાન
- (18) ઉર્જા બચાવ.
- (19) ઇકો એક્ઝ્રામ
- (20) તુલસીવન
- (21) કિડીયાનગરુ
- (22) મધઉછેર કેન્દ્ર
- (23) પક્ષી બચાવ
- (24) ઇકો પ્રશ્નમંચ
- (25) ઇકો કોર્નર
- (26) વરસાદી પાણીનો સંગ્રહ

### જિલ્લા શિક્ષણ અને તાલીમભવન આયોજિત વર્ષ -2024-25 ની ઈકો ક્લબની પ્રવૃત્તિઓ


ગુરુ પૂર્ણિમા ઉજવણી


કારગિલ દિવસની ઉજવણી


રાષ્ટ્રીય અવકાશ દિનની ઉજવણી


શિક્ષકદિનની ઉજવણી


ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેમિનાર


ગુજરાત વિકાસ સપ્તાહની ઉજવણી

### જિલ્લા શિક્ષણ અને તાલીમભવન આયોજિત વર્ષ -2024-25 ની ઈકો ક્લબની પ્રવૃત્તિઓ

**એક પેડ માં કે નામ**

તારીખ ૨૩/૦૮/૨૦૨૪ વાર શુક્રવારના રોજ જિલ્લા શિક્ષક અને ભવન પાટણ ખાતે એક પેડમાં કે નામ કાર્યક્રમ અંતર્ગત વૃક્ષારોપણ કરવામાં આવેલ જેમાં પી.એસ.ટી.ઈ શાખા ના એચ.ઓ.ડી ડૉ.મહેશભાઈ સોલંકી,બલોચ ઇમરાન ખાન સાહેબશ્રી તથા શ્રીમતી સોનલબેન પટેલ અને બી.એડ પ્રથમ વર્ષના તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો ઘણા તાલીમાર્થીઓ લપેટ ફલક પર કાર્યક્રમ અંતર્ગત નારા તથા ચિત્રો દોર્યા હતા. સર્વ તાલીમાર્થીઓ એક વૃક્ષ લઈને બગીચામાં વૃક્ષારોપણ માટે જોડાયા સર્વ તાલીમાર્થીઓ એક વૃક્ષ માતાના નામે તથા તેમની જાળવણી કરવા શપથ લીધે અને વૃક્ષો વાવ્યા હતા.





### જિલ્લા શિક્ષણ અને તાલીમભવન આયોજિત વર્ષ -2024-25 ની ઈકો ક્લબની પ્રવૃત્તિઓ

**વૃક્ષારોપણ કાર્યક્રમ**

તારીખ:૨૭ જુલાઇ-૨૦૨૪ વાર શનિવારના રોજ જિલ્લા શિક્ષણ અને તાલીમ કેન્દ્ર પાટણ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં કોલેજ સ્ટાફ તથા પ્રથમ વર્ષના તાલીમાર્થીઓએ ભાગ લીભો હતો. કાર્યક્રમની શરૂઆતમાં તાલીમાર્થીઓએ કોલેજ કેમ્પસની સફાઇ કરી અને બગીચામાં રહેલ ઘાસ તથા નકામી વનસ્પતીને દુર કરી હતી. ત્યાર બાદ નવીન લાવેલ છોડવાઓમાં લીંબુડી, સરગવો, ગુલાબ, નિલગીરી, અરડુશી, જામફળી અને આશોપાલવના છોડ વ્યવસ્થિત રીતે મૂકયા. બગીચામાં તાલીમાર્થીઓએ પાવડા અને કોદાળી વડે છોડ વાવવા ખાડા તથા કયારીઓ બનાવી હતી. કોલેજના પ્રાચાર્ય ડૉ. પિન્કીબેન રાવલ, P.S.T.E. શાખાના H.O.D. ડૉ. મહેશભાઇ બી.સોલંકી તથા વિજીટીંગ ફેકલ્ટી ઈમરાનભાઇ બલોચ સાહેબ અને સોનલબેન પટેલ દ્વારા પ્રથમ છોડનું રોપણ કરવામાં આવ્યુ હતુ.





### પાટણ જિલ્લામાં ચાલતી ઇકોક્લકબના સંદર્ભે થતી વિશિષ્ટ પ્રવૃતિઓ

- પક્ષી બચાવ હોમ જીવદયા ચેરિટેબલ ટ્રસ્ટ પાટણ
- રામ-રહીમ અન્નક્ષેત્ર, પાટણ
- પાંજરાપોળ ખલીપુર (પાટણ), રણુંજ મહાજન દ્વારા.
- ઔષધાલય, પ્રા.શાળા
- - ચકલી બચાવો.
- - ઇકો પ્રશ્નમંચ
- - ઇકો કોર્નર
- - વિવિધ સ્પર્ધા : ક્વીઝ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા
- વૃક્ષારોપણ
- વૃક્ષની ઓળખ – ઉપયોગ સાઇન બોર્ડ દ્વારા
- ઇકો કેલેન્ડર.
- - દિન વિશેષ ઉજવણી
- - ઉત્તરાયણ પર્વ સંદર્ભે પક્ષી બચાવો અભિયાન.

### ડાયટ તથા શાળા કક્ષાએ ચાલતી ઇકો કલબની પ્રવૃત્તિઓ

- **ઔષધિય બાગ:**

ડાયટ કેમ્પસમાં તારની ફેન્સિંગ કરી ઔષધિય બાગનું બનાવેલ છે. જેમાં વિવિધ પ્રકારની ઔષધિયો ઉછેરવામાં આવી. જેમકે, તુલસી , કાંસકી, રાઇસ પલાન્ટ , લીલી ચા, અરડૂસી, ડોળી, ફુદિનો , બ્રાહમી , સ્ટીવા,સરગવો, આંમળી, જાંબુ, સેતુર વગેરે.

- **કિચન ગાર્ડન:**

ડાયટમાં ઋતુ પ્રમાણે તુવેર, મેથી , દૂધી, મરચી, રીંગણ, ટામેટા, પતરવેલી, ગવાર, પાપડી વગેરેનું વાવેતાર થયું.

- ઈકોક્લબ અંતર્ગત તહેવાર ઉજવણી .. હરિયાળું કેમ્પસ .. પક્ષીપરબ .. પક્ષીમાળા
- ઈકો સ્પર્ધાઓ .. ઈકો કેલેન્ડર નિર્માણ
- ઈકો કોર્નર .. ઔષધ બાગ
- કિચન ગાર્ડન , ઈકોક્લબ શિક્ષક પ્રશિક્ષણ વગેરે

# અખબારની અટારીએથી..

તા. ૨૩-૦૧-૨૦૨૫, ગુરૂવાર



### સાગોડીયા શાળા જિલ્લાની ગ્રીન સ્કૂલ છે, જ્યાં

## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પાટણ દ્વારા ઈકો કલબ શિક્ષક તાલીમ યોજાઈ

(હમન્યુઝ) પાટણ

ઈકો કલબ એટલે વિદ્યાર્થીઓનું એવું સંગઠન છે જે પ્રકૃતિથી નિકટ હોય અને શાળા કક્ષાએ નિસર્ગ સાથે નાતો જોડે. આ પ્રકારની વિવિધ ઈકો કલબની પ્રવૃત્તિઓ સાથેની સુંદર મજાની તાલીમ જિલ્લા શિક્ષણ તાલીમ ભવન પાટણના આયોજનમાં તારીખ ૨૦ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ સાગોડિયા પ્રાથમિક શાળા ખાતે યોજાઈ હતી.

### ઈકો કલબ અંતર્ગત સ્વાગતમાં કોઈ ફળ કે શાળા કિચન ગાર્ડનની વસ્તુઓ આપવા હિમાયત

સાગોડીયા શાળા જિલ્લાની ગ્રીન સ્કૂલ છે, જ્યાં ગ્રીન સ્કૂલના તમામ ઈન્ડિકેટર સિદ્ધ થયેલા જોવા મળ્યા હતા. તાલીમના પ્રારંભે પર્યાવરણની પ્રાર્થના બાદ શાળાના શિક્ષકો દ્વારા શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું અને સીઆરસી કોઓર્ડીનેટર જગમાલભાઈ દ્વારા મીઠો આવકાર આપવામાં આવ્યો હતો. તાલીમ અંતર્ગત મોબાઈલ દ્વારા પ્રિ-ટેસ્ટ લેવામાં આવ્યો ત્યારબાદ તજજ્ઞ ડો. મધુસુદન ઠક્કર દ્વારા કાર્બન ક્રેડિટ અને મિલેટ એટલે શ્રીઅન્નધાનની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

(પાન ૨ ઉપર)

માયા સાતમના પર્વની ભવ્ય ઉજવણી કરાશે

**(પાન ૪ નું ચાલુ) જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પાટણ**

જિલ્લા શિક્ષણ તાલીમ ભવન પાટણના પ્રાચાર્ય ડો.પિન્કીબેન રાવલ તથા તાલીમ કન્વીનર ડો. પીનલબેન ગોરડીયા દ્વારા ઈકો કલબની સંકલ્પના સ્પષ્ટ કરવામાં આવી હતી. જેમાં ભવિષ્યમાં જ્યારે પણ શાળાની મુલાકાત લઈએ ત્યારે ઈકો કલબ અંતર્ગત સ્વાગતમાં કોઈ ફળ કે શાળા કિચન ગાર્ડનની વસ્તુઓ મળે તેવી તેમણે હિમાયત કરી હતી.

આત્મા સંસ્થા સાથે જોડાયેલ તજજ્ઞ અમૃતજી ઠાકોરે સુભાષ પાલેકરજી તથા રાજ્યપાલ  આચાર્ય દેવવ્રતજીના વિચારો સાથે દેશી ગાય આધારિત પ્રાકૃતિ ખેતી વિષય પર વિસ્તૃત ચર્ચા કરી જીવામૃત બનાવવાની પ્રક્રિયા પ્રેક્ટીકલ બતા હતી. તજજ્ઞ ઉત્તમભાઈ સાધુએ શાળા કક્ષાએ કરી શકાય તેવી ૬૩ પ્રકારના પ્રવૃત્તિઓની ઝલક આપી તાલીમાર્થી શિક્ષકોને ઈકો કલબ ક્ષેત્રે શાળામાં રચવાની વિવિધ સમિતિઓ અંગે તેમજ સાગોડિયા પ્રાથમિક શાળામાં બાળસંસદ દ્વારા યોજાયેલ બાળકોની સફાઈ સમિતિ, ઉર્જા સમિતિ, હવા સમિતિ વિ.ના બાલ મંત્રીઓએ પોતાની સમિતિઓની કામગીરીની ઝલક દર્શાવી હતી.

આ બાળકો દ્વારા શાળામાં ઈકો કલબની ચાલી રહેલી વિવિધ પ્રવૃત્તિઓ તથા કરેલ વૃક્ષારોપણના વૃક્ષોની ઓળખ આપી હતી. શાળામાં દુર્લભ એવા ગ્રહ નક્ષત્ર આધારિત વાવેલ વૃક્ષો તથા ઈકોક્લબ અંતર્ગત વાવેલ ઔષધ બાગના ફલછોડ અને કીચન ગાર્ડનમાં પાલક, મેથી, કોથમીર જેનો મધ્યાન ભોજનમાં વિદ્યાર્થીઓ માટે દરરોજ ઉપયોગમાં લેવાય છે તેની જાણકારી આપી હતી.

આ ઉપરાંત શાળામાં કમ્પોસ્ટ ખાતરના ખાડા અને શાળા દ્વારા મૂકવામાં આવેલી ઈકો યોજના જેમાં અઠવાડિયામાં એક દિવસ વિદ્યાર્થીઓ શાળાએ આવતા રસ્તામાં આવતું ગાયનું છાણ સાથે લાવે છે અને કમ્પોસ્ટ ખાતરમાં ભેળવીને તેને બગીચામાં નાખવામાં આવે છે. જે જાણીને એક નવતર પ્રયોગની ઝાંખી પણ શિક્ષકોએ કરી હતી. તા-૨૧-૦૧-૨૦૨૫ ના રોજ ઈકો કલબ તાલીમ અંતર્ગત બેચરાજી તાલુકાના આદીવાડા ખાતે આવેલ પ્રાકૃતિક ખેતી ફાર્મની મુલાકાત લેવામાં આવી હતી. તજજ્ઞ દ્વારા શાળા કક્ષાએ ઈકો કલબમાં શું શું પ્રવૃત્તિઓ કરાવી શકાય? તેની વિશિષ્ટ પ્રવૃત્તિઓની યાદી તૈયાર કરવામાં આવી હતી.

**આવો ઈકોક્લબ તાલીમ નિહાળીએ..  યુ ટ્યુબ વિડીયોને સંગ સંગ**

https://youtu.be/7lfQ4RckyWo?si=ewTIkxL9P0E9bQJt

https://youtu.be/KHkvHWApB4c?si=EtX36cPJcMdhRlSd

https://youtu.be/Gc9lxy7z3Tk?si=8y1Po4nwvYUjFg6W

https://youtu.be/0P_eExGj0VE?si=o3ejB8vA9QLDDX28

https://youtu.be/0P_eExGj0VE?si=JDpXx4xo20-5AvS-

https://youtu.be/iclFS1K4_DM?si=nmNqAgvRVTIwciFw

https://youtu.be/PvHDSWpeD3E?si=TVeWqCdwqRwKzZYz

